ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

છેલ્લા ચાર દિવસમાં ત્રણ ડિગ્રી પારો ગગડ્યો

આકાશમાં વાદળોની અવરજવર વચ્ચે ગરમીમાં રાહત : ભીષણ ગરમીથી રાહત મળી

ગાંધીનગર, તા. ૧૫

કાળઝાળ ગરમી વચ્ચે થોડાક રાહતના સમાચાર આવ્યા છે. ચાર દિવસ ભીષણ ગરમી પડ્યા બાદ ગરમીમાં રાહત મળી છે. છેલ્લા ચાર દિવસમાં મહત્તમ તાપમાન ત્રણેક ડિગ્રી જેટલુ ઘટ્યુ છે. આજે મહત્તમ તાપમાન ૪૧.૪ ડિ.સે. નોંધાયુ હતુ.

માર્ચ-એપ્રિલ મહિનામાં ઘણા દિવસો સુધી માવઠાની અસર રહ્યા બાદ મે મહિનાના પ્રારંભથી જ શહેરમાં આકરી ગરમી પડવાની શરૂઆત થઈ ચૂકી હતી. આકરી ગરમીના કારણે વસાહતીઓ ત્રાસી ગયા હતા અને જનજીવન પર તેની વિપરીત અસર જોવા મળી હતી. કાળઝાળ ગરમીનો પારો વધતો વધતો ૪૪ ડિગ્રીને પાર પહોંચી જતાં વસાહતીઓએ ભીષણ ગરમી અનુભવી હતી. ભીષણ ગરમીના પગલે વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ.

જો કે ત્રણેક દિવસથી વાતાવરણમાં પુનઃ પલ્ટો આવ્યો છે. બંગાળના ઉપસાગરમાં સર્જાયેલા મોચા વાવાઝોડાના કારણે તાપમાનમાં ઘટાડો થતાં ગરમીમાં રાહત મળી છે. એક તબક્કે ૪૪.૪ ડિ.સે. પહોંચી ગયેલુ તાપમાન હવે ઘટીને ૪૧.૪ ડિ.સે. નોંધાયુ છે. જો કે લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર ન થતાં રાત્રે હજુ બફારો અનુભવાય છે.

મુહુર્ત ક્યારે ? - રક્ષાશક્તિ સર્કલ છેલ્લા કેટલાય સમયથી ટ્રાફિકથી એકદમ ભરચક થઈ ગયો છે. દિવસના ગમે તે સમયે અહીંથી પસાર થઈએ તો ટ્રાફિક હંમેશા નડે જ છે. ભારે ટ્રાફિકના કારણે વારંવાર અકસ્માતો સર્જાય છે. જો કે આ સમસ્યાનો ઉકેલ લાવવા અહી ફ્લાયઓવર બનાવાયો છે. ફ્લાયઓવર તૈયાર થઈ ચૂક્યો છે પરંતુ ઉદ્ઘાટનને અભાવે તેનો ઉપયોગ થઈ શકતો નથી. વાહનચાલકો આ બ્રીજ ઝડપથી શરૂ થાય તેવી માંગ કરી રહ્યા છે.

મનપામાં મિલ્કતવેરો ભરવામાં વળતર યોજના ૩૧મી સુધી અમલી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નાણાંકીય વર્ષ-૨૦૨૩-૨૪માં મિલ્કતવેરો ભરપાઈ કરવા ઉપર ૧૦ટકા વળતર તેમજ ઓનલાઈન મિલ્કતવેરાની ચુકવણીનું ૨ ટકા વળતર આમ કુલ ૧૨ ટકા વળતર યોજના તા. ૩-૪-૨૦૨૩થી ૩૧-૫-૨૦૨૩ સુધી અમલમાં છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ઉત્તર ઝોન કચેરી પેથાપુર, મધ્ય ઝોનની કચેરી એમ.એસ. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, સેક્ટર-૧૧ ખાતે આવેલ જનસેવા કેન્દ્ર તથા નવા સમાવિષ્ટ વિસ્તારમાં મિલ્કતવેરો જે તે ગામની આવેલ ગ્રામ પંચાયત કચેરી ખાતે સ્વીકારવામાં આવશે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન ૨૪,૪૭૯ કરદાતાઓ દ્વારા કુલ રૂ. ૧૦.૭૫ કરોડ જેટલો મિલ્કતવેરો ભરપાઈ કરવામાં આવેલ છે.

બીલ ભરવાની છેલ્લી તારીખ ૧૫-૫-૨૦૨૩ આપવામાં આવેલ છે. ત્યારબાદ તા. ૧૬-૫-૨૦૨૩ થી ૩૧-૫-૨૦૨૩ સુધી રૂ. ૨ નોટીસ ફી સાથે નાણાં ભરપાઈ થઈ શકશે. તેમજ તા. ૧-૬-૨૦૨૩થી ૧૮ ટકા સાદા વ્યાજ સાથે નાણાં ભરપાઈ કરવાના રહેશે. વ્યાજના ભારણથી બચવા સમયસર વેરો ભરવા વિનંતી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બિલ વિતરણ કરવા માટે નિયત કરવામાં આવેલ એન્સી દ્વારા બીલ વિતરણની કામગીરી હાલમાં ચાલુ છે. બીલ મળેલ ન હોય તેવા રહિશોને ટૂંક સમયમાં બીલ વિતરણ કરવામાં આવશે. બીલ ભરવાનું બાકી હોય તેવા કરદાતાઓએ વેરા બીલની રાહ જોયા વગર જુના બીલ અથવા જુની વેરો ભર્યાની રસીદના આધારે સત્વરે મિલકતવેરો ભરી વળતર યોનાનો લાભ લેવા વિનંતી છે.

મતદારયાદી સુધારણા ઝુંબેશને અંતે જિલ્લામાં ૫૭૮૭ નવા મતદારો નોંધાયા

ગાંધીનગર(દ)માં ૨૫૫૫, કલોલમાં ૧૦૨૦, ગાંધીનગર (ઉ)માં ૭૯૮, દહેગામમાં ૭૬૬, માણસામાં ૬૪૮ મતદારો નવા નોંધાયા

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લામાં સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા પછી ૫૭૮૭ મતદારો વધ્યા છે. આજે ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની પ્રસિદ્ધ કરવામાં આવી છે. જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પછી ૪૪૦૦ મતદારો ઘટ્યા હતા પરંતુ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ પંચ દ્વારા ૫ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમ્યાન યોજાઈ હતી. આ ઝુંબેશ દરમ્યાન ૨૩ હજાર જેટલી અરજીઓ તંત્રને મળી હતી અને પંચે નિયત કરેલ સમય મર્યાદામાં તેના નિકાલ બાદ હવે જિલ્લામાં ૫૭૮૭ મતદારો વધવા પામ્યા છે.

૧લી એપ્રિલ ૨૦૨૩ના રોજ મતદારયાદીનો ડ્રાફ્ટ રોલ પ્રસિદ્ધ કરાયો હતો. જેમાં ૪૪૦૦ જેટલા મતદારો સામાન્ય ચૂંટણી પછી ઘટ્યા હતા. જે મતદારો ઘટ્યા તેમાં કેટલાક નામો ડુપ્લીકેટ હતા તેવુ તંત્રના સૂત્રો કહી રહ્યા છે. આ પછી ૫ મી એપ્રિલથી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશમાં ૧૬ એપ્રિલ અને ૨૩ એપ્રિલ એ બે ખાસ ઝુંબેશના દિવસો હતા. મતદારયાદી માટે નિમાયેલ નિરીક્ષક નિરાલાજીએ પણ બે વખત જિલ્લાની મુલાકાત લીધી હતી. ખાસ ઝુંબેશના પ્રથમ તબક્કે ૧૬મીએ જિલ્લામાં પંચના અધિકારીઓએ પણ મુલાકાત લીધી હતી જે નોંધનીય છે. આજે પ્રસિદ્ધ થયેલ મતદારયાદી મુજબ જિલ્લામાં સૌથી વધુ નવા મતદારો ગાંધીનગર(દ)માં વધ્યા છે જ્યારે સૌથી ઓછા માણસા બેઠક પર વધ્યા છે.

ગાંધીનગર(દ) બેઠક પર ૨૫૫૫ જેટલા નવા મતદારો વધ્યા છે. કલોલ વિધાનસભા બેઠક પર ૧૦૨૦ નવા મતદારો વધ્યા છે. ગાંધીનગર (ઉ)માં ૭૯૮ મતદારો વધ્યા છે. દહેગામ બેઠક પર ૭૬૬ મતદારો વધ્યા છે, જ્યારે માણસા બેઠક પર ૬૪૮ મતદારો વધ્યા છે.

જિલ્લામાં આજે પ્રસિદ્ધ થયેલ મતદારયાદી પ્રમાણે હવે જિલ્લામાં ૧૩,૨૬,૮૫૯ મતદારો છે. જિલ્લામાં મતદારોની સંખ્યા વધી છે અને ગાંધીનગર (દ) બેઠકના વિસ્તારમાં જે રીતે મતદારો વધી રહ્યા છે તે વધતા જતા વિકાસનો પુરાવો છે. જિલ્લામાં ચૂંટણીપંચ દ્વારા નવા નોંધાયેલા મતદારોના એપિક કાર્ડ હજુ પ્રિન્ટ થઈ ન આવતાં મતદારોને ધરમધક્કા ખાવા પડી રહ્યા છે. આ વખતે સ્થળાંતર થયેલ મતદારો વધુ જોવા મળ્યા છે. જિલ્લામાં મતદારોની નોંધણીમાં ઓનલાઈન નોંધણીને સારો પ્રતિસાદ સાંપડ્યો છે. જિલ્લામાં આધાર સાથે મતદારકાર્ડના લિડીંગ માટે કાર્ડના અભાવે કામગીરી ધીમી ચાલી રહી છે.

મેટ્રો ટ્રેનની કામગીરીના પગલે છ-રોડનો ઉપયોગ બંધ

ચ-રોડ અને છ-રોડ આંશિક રીતે બંધ કરાતા ઘ-રોડ પર ટ્રાફિકનું ભારણ વધ્યુ : મોડી રાત સુધી ઘ-રોડ ટ્રાફિકથી ધમધમે છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાં મેટ્રો ટ્રેનનું કામ ધમધોકાર ચાલી રહ્યુ છે. મેટ્રો ટ્રેનનો ટ્રેક ચ-રોડથી છ-રોડ તરફનો હોઈ આ બંને રોડ હાલમાં આંશિક રીતે બંધ કરાયા છે. જેના કારણે અમદાવાદ અને ન્યુ ગાંધીનગર તરફ જતાં ટ્રાફિકનું ભારણ ઘ-રોડ પર પડ્યુ છે. જેના કારણે આ રોડ પર આખો દિવસ ટ્રાફિક જામની સ્થિતિ રહે છે તો મોડી રાત સુધી તે ટ્રાફિકથી ધમધમતો રહે છે.

ગાંધીનગર શહેરમાં આવતા વર્ષ સુધી મેટ્રો ટ્રેન દોડાવવાની યોજના હોવાથી હાલમાં શહેરમાં ધમધોકાર કામ ચાલી રહ્યુ છે. મેટ્રો ટ્રેનનો ટ્રેક બનાવવા પીલર ઉભા કરવાની જરૂરીયાત હોઈ હાલમાં તેની કામગીરી જોરશોરથી ચાલી રહી છે. લગભગ ૨૪ કલાક કામગીરી ચાલે છે. ચ-રોડથી છ-રોડ સુધી અને તે પછી મહાત્મા મંદિર સુધીનો ટ્રેક નક્કી કરાયો હોવાથી અહીં કામગીરી ચાલે છે. ચ-રોડનો કેટલોક ભાગ તો છેલ્લા ઘણા મહિનાઓથી બંધ છે. પરંતુ હવે છ-રોડને પણ બંધ કરાયો છે. છ-રોડ પર સચિવાલયના સ્ટેશનનુ કામ શરૂ કરાયુ હોઈ તેનો ઉપયોગ ટ્રાફિક માટે બંધ કરાયો છે.

શહેરના મુખ્ય માર્ગો ગણાતા ચ-રોડને અને છ-રોડને આંશિક રીતે અવરજવર માટે બંધ કરી દેવાતા ટ્રાફિકનું ભારણ હવે ઘ-રોડ પર ખુબ જ વધી ગયુ છે. ઘ-રોડ પર કચેરી સમયે ટ્રાફિક જામની સ્થિતિ રહે છે. અમદાવાદ તરફ અને ન્યુ ગાંધીનગર તરફ જતાં ટ્રાફિકનુ ભારણ ઘ-રોડ પર વધી જતાં અહી મોડી રાત સુધી વાહનોની અવરજવર રહે છે.

સરગાસણ અને કુડાસણ સહિત ચિલોડામાં પણ ટૂંકમાં નવા બગીચાનું કામ પ્રગતિ હેઠળ

ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં ૧૩ બગીચા બનાવાયા અન્ય ત્રણ ઠેકાણે કામ ચાલુ :અડાલજમાં પણ નવો ઉદ્યાન બનશે

ગુડા વિસ્તારમાં પણ નગરની જેમ ગ્રીન કોન્સેપ્ટ અપનાવાયો છે વિવિધ ટી પી વિસ્તારમાં ગુડા દ્વારા બગીચાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે અત્યાર સુધીમાં ૧૩ બગીચા તૈયાર કરવામાં આવ્યા છે જયારે હાલ પણ ત્રણ બગીચા નું કામ પ્રગતિ હેઠળ છે . અડાલજમાં નવા બગીચો બનાવવા આયોજન કરી દેવાયું છે જયારે કુડાસણ, સરગાસણ અને ચિલોડા વિસ્તારમાં રૂપિયા ૫.૫૦ કરોડના ખર્ચ થશે

ગુડા નો મોટાભાગનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા બાદ પણ હજુ માળખાગત સુવિધાના કામો ગુડા દ્વારા કરવામાં આવી રહ્યા છે ગુડા વિસ્તારમાં અગાઉ નવા ૧૩ બગીચા વિકસાવવામાં આવ્યા બાદ કુડાસણ, સરગાસણ અને ચિલોડા વિસ્તારમાં નવાત્રણ બગીચા વિકસાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જયારે અડાલજ વિસ્તારમાં નવા બગીચા બનાવાશે .જેને અનુલક્ષી ડિઝાઈન તૈયાર કરવા ઉપરાંત તેના આધારે ખર્ચ અંદાજ નિયત કરવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

ગુડાના સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર હાલ ગુડા વિસ્તારમાં ત્રણ બગીચાઓ વિકસાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ બગીચાઓમાં ભલકાઓ માટે પ્લે એરિયા પણ વિકસવામાં આવશે જયારે શારીરિક અને માનસિક તંદુરસ્તી જળવાય તે માટે રમત ગમતના સાધનોની પણ વ્યવસ્થા કરવામાં આવશે જેમાં હળવી કસરતના સાધનો પણ મુકવામાં આવશે. હરિયાળી ની સાથે સિનિયર સિટીઝન ને અનુલક્ષી સિટીંગ એરિયા ને પણ ઉદ્યાનમાં સ્થાન અપાશે ઉદ્યાનમાં આવતા સહેલાણીઓ હળવાશ અનુભવે તેવા બેઠક વ્યવસ્થા સાથેના ગજીબો પણ તૈયાર કરવામાં આવશે. હરિયાળી બરકરાર રહે તે માટે બગીચાને પૂરતું પાણી મળી રહે તેનો પણ ખ્યાલ રાખવામાં આવશે. આ ઉપરાંત મોર્નિંગ અને ઈવનિંગ વોકર્સ માટે આકર્ષક એલિવેશન પર આધારિત વોક વે સહિતની સુવિધાઓને અનુલક્ષી કામગીરી કરવામાં આવશે વિવિધ ટી પી વિસ્તારના બગીચાઓમાં ઉપલબ્ધ એરિયા પ્રમાણે મુજબ સુવિધાઓ ઉભી કરાશે અડાલજમાં પણ બગીચાના નિર્માણ માટે આયોજન કરવામાં આવ્યું છે ટુકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

નવા સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીનો કકળાટ

સેક્ટરવાસીઓ આગ બબુલા : પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી તંત્રને પ્રતિદિન અપાતા સપ્લાયમાં ૮ એમ એલ ડીનો કાપ જેના લીધે સેક્ટરોમાં ૩૦ ના બદલે માંડ ૨૧ થી ૨૨ એમ એલ ડી જેટલો સપ્લાય આપવામાં આવે છે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં કાળઝાળ ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. ત્યારે ગરમીમાં ઠંડા રહેવા માટે નગરજનો પાણીનો પણ વિશેષ ઉપયોગ કરે છે. આવા સંજોગોમાં આકરી ગરમીના દિવસોમાં પણ આડા દિવસો કરતા પણ સેકટરોમાં ઓછો સપ્લાય આપવામાં આવી રહ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા નવા સેકટરોને અનુલક્ષી છેલ્લા ત્રણ દિવસથી માંડ ૨૧ એમ એલ ડી જેટલો પુરવઠો સપ્લાય કરવામાં આવે છે જેના લીધે તંત્ર દ્વારા સેકટરોમાં પુરતુ પાણી આપી શકાતુ નથી પ્રતિદિન આપવામાં આવતા સપ્લાયમાં અંદાજિત ૮ એમ એલ ડી ની ઘટ પ્રવર્તી છે. નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની રોજ ફરિયાદો ઉઠવા પામે છે. જેમાં સે- ૧, ૨ , ૩ અને સે-૬ માં પાણી ફોર્સથી ન આવતા રહીશો આગ બબુલા બન્યા છે.

ગાંધીનગરમાં ગરમીનો પારો સાતમાં આસમાને ચઢયો છે. આકરી ગરમીના લીધે નગરજનો માટે ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ થયુ છે. છેલ્લા આઠ દસ દિવસથી મહત્તમ તાપમાન સતત ૪૦ ડીગ્રીને પાર રહેતા નગરજનો ગરમી પ્રકોપથી તોબા પોકારી ગયા છે. ગરમીનો મિજાજ સતત ઉગ્ર રહેતા શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. આવા સંજોગોમાં ગરમીથી રક્ષણ મેળવવા માટે નગરજનો સતત ઠંડા રહેવા પ્રયાસ કરે છે. બીજીતરફ શહેરમાં કાળઝાળ ગરમી વચ્ચે પાણીની પોકાર ઉઠવા પામી છે. ગરમીના દિવસોમાં આમ પણ પાણીનો વપરાશ વધી જાય છે. જયારે રૂટીનમાં સપ્લાય થતા પાણીમાં પણ કમી આવતા સેકટરોમાં પાણીની ટાંકી પણ ભરાતી ન હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. શહેરના નવા સેકટરોમાં પ્રતિદિન ૩૦ થી ૩૧ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. પરંતુ વાંરવાર પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પુરતો સપ્લાય ન આપવામાં આવતા તંત્રને પણ સરિતાની ટાંકીમાં જરૂરિયાત મુજબ પાણી મળતુ નથી જેના લીધે સેકટરોમાં રોજબરોજ અપાતા સપ્લાયમાં કાપ આવે છે. અગાઉ પણ લાંબા સમય સુધી પાણીના સપ્લાયમાં ઘટાડો થતા મામલો મુખ્યમંત્રી સુધી પહોંચ્યો હતો જયારે ઉચ્ચ કક્ષાએ રજુઆતના અંતે

● અનુસંધાન પાન-૭ પર

આજે સાતમો રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ : ડેન્ગ્યુ અટકાવવા સહભાગી બનીએ થીમ પર ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૫

આજે સાતમો રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી ''ડેન્ગ્યુ અટકાવવા સહભાગી બનીએ'' થીમ પર કરવામાં આવશે. આ માટેની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરાઈ છે.

ડેન્ગ્યુ એ એડીસ ઈજીપ્ટો મચ્છર કરડવાથી થતો હોય છે. ડેન્ગ્યુથી સંક્રમિત દર ચારમાંથી એક વ્યક્તી બિમાર થવાની સંભાવનાઓ રહેલી છે. ડેન્ગ્યુનું સૌથી સામાન્ય લક્ષણ તાવ છે. અન્ય લક્ષણોમાં ઉલ્ટી, ઉબકા, દુખાવો, ચકામા થતા જોવા મળે છે.

ડેન્ગ્યુ મોસમી પેટર્ન ધરાવે છે જેમાં ચોમાસાના સમયગાળામાં અને જુલાઈથી નવેમ્બર દરમ્યાન કેસોમાં વધારો થાય છે.

ડેન્ગ્યુ ફેલાવતા બીજી પણ મચ્છરની જાતિ મળી છે જેનુ નામ એડીસ આલ્બો પિક્ટ્સ છે. આ નવી જાતિ અન્ય રાજ્યોમાં જોવા મળી હતી. જો કે ગુજરાતમાં પણ આ પ્રજાતિના મચ્છરોએ દેખા દીધી હોવાનું જાણવા મળેલ છે.

એડીસ ઈજીપ્ટો મચ્છર એ આમ તો ડે બાઈટર છે. આ મચ્છરની ફ્લાઈટ રેન્જ ૪૦૦ મીટર જેટલી જ હોય છે.

એડીસ ઈજીપ્ટો મચ્છર એ શાર્પ એટલા હોય છે કે તેને પકડવા મુશ્કેલ હોય છે. ગુજરાતમાં આ મચ્છરોને પકડવા માટે મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોને ખાસ તાલિમબદ્ધ કરવામાં આવ્યા છે.

આ મચ્છરો ચોખ્ખા પાણીમાં થતા હોય છે. તેમજ તેના ઈંડા બે થી ત્રણ વર્ષ સામાન્ય રીતે જીવતા હોય

છે. આ મચ્છરોનું ઉત્પત્તિ સ્થાન નાના કન્ટેનર વધુ હોય છે. એટલે જ આપણા દુશ્મન આપણા ઘરમાં સતર્ક રહીએ થીમ આધારિત ઉજવણી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. ખાસ કરીને બરફની ટ્રે, પાણીના સંગ્રહ માટે રાખેલી ટાંકી, ચકલુડિયા જેવા કન્ટેઈનરોમાં પણ મચ્છર ઉત્પત્તિ જોવા મળી શકે છે.

જ્યાં પણ ચોખ્ખુ પાણી સ્થિર હોય ત્યાં આ મચ્છરોના બ્રિડીંગ વધુ જોવા મળતા હોય છે.

આ વર્ષે ડેન્ગ્યુ વર્ષની ઉજવણી 'ડેન્ગ્યુ અટકાવવા સહભાગી બનીએ'' થીમ આધારિત હોય આ રોગના નિયમન માટે ખાસ જનજાગૃત્તિ અભિયાનો ચલાવવામાં આવનાર છે. આ માટેના આયોજનો પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

ડેન્ગ્યુ DEN-1,2,3,4 વાયરસથી થતો રોગ છે. આ રોગમાં વહેલુ નિદાન ત્વરિત સારવાર એ મહત્વની છે. આ રોગમાં મોત પણ થઈ શકે છે.

વાયરલ ડીસીઝ તરીકે આ રોગ ગણાય છે. આ વાયરલ બર્બો વાયરથી ઓળખવામાં આવે છે.

ગત વર્ષે શહેર-જિલ્લામાં ડેન્ગ્યુથી બે દર્દીના મોત થયા હતા

ગાંધીનગર શહેર-જિલ્લામાં ગત વર્ષે ડેન્ગ્યુને કારણે બે દર્દીના મોત થયા હતા. શહેરમાં એક દર્દીનું અને ગ્રામ્ય વિસ્તારમાં એક દર્દીનું મોત નીપજ્યુ હતુ.

ગાંધીનગર શહેર-જિલ્લામાં તંત્રએ આ વેળાએ અત્યારથી જ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે તેમજ મચ્છર ઉત્પત્તિ સ્થાનો દેખાય તો તેના નિકાલને અગ્રતા આપી જન જાગૃત્તિ અભિયાન છેડ્યુ છે.

મનપા આજે ૮ હજાર ઘરોને આવરી લઈ જનજાગૃત્તિ અભિયાન યોજશે

ગાંધીનગર મહાનગરપાલિકાની મેલેરિયા તંત્રની ટીમો દ્વારા આજે ૮ હજાર જેટલા ઘરોને આવરી લઈ ડેન્ગ્યુ વિરોધી દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રાયમરી હેલ્થ એજ્યુકેશન આપી જનજાગૃત્તિ અભિયાનના શ્રીગણેશ કરશે.

ગાંધીનગરમાં તંત્રની ટીમ દ્વારા વિવિધ સ્થાનો પર પોરા નિદર્શન કેમ્પ પણ કરનાર છે. ખાસ કરીને સે. ૨૧, સે. ૭, સે. ૨૪ના શાકમાર્કેટવાળા વિસ્તારો કે જ્યાં લોકો વધુ સંખ્યામાં હોય છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના આ વર્ષે ૯ કેસ નોંધાયા છે. જેમાં ૬ સરકારી દવાખાનામાં તો ૩ કેસ ખાનગી હોસ્પિટલમાં નોંધાયા છે. ચિકનગુનિયાના કેસો આ વર્ષે નોંધાયા નથી. જો કે મેલેરિયાના ૧૫ જેટલા કેસો અત્યાર સુધીમાં આ વર્ષે નોંધાયા છે.

શહેરમાં વિકાસકામો જે રીતે હાથ ધરાયા છે અને પૂરણનુ કામ યોગ્ય રીતે થયુ ન હોવાને કારણે પાણી ભરાઈ રહેવાની ઘટનાઓ વધુ નોંધાશે તેથી આ વર્ષે શહેરમાં વાહકજન્ય રોગચાળો વધુ થવાની સંભાવનાઓ વચ્ચે તંત્રએ જનજાગૃત્તિ અભિયાન સઘન રીતે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે.

રામ નામથી સાત્વિક સૃષ્ટિનું સર્જન થાય : મોરારિબાપુ

માનસ આચાર્ય રામકથા ના તૃતીય દિવસે રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિ

ગાંધીનગર

ગાંધીનગરના વલાદ ગામ પાસે પુ.મોરારિબાપુ ૯૧૭ મી રામચરિત માનસ કથા માનસ આચાર્ય આજે તૃતીય દિવસે વિશિષ્ટ રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ.

નિજાનંદ ગ્રુપ તથા ગુજરાત રાજ્ય શિક્ષક સંઘના સંયુક્ત યજમાન પદે યોજાયેલી આ રામકથામાં ત્રીજા દિવસે પુ.મોરારિબાપુએ કહ્યું કે શિક્ષકે "સાધુ શિક્ષક "બનવું હોય તો ઉગ્ર સ્વભાવને છોડવો પડે. શિક્ષણમાં પ્રાર્થનાનું ખૂબ મહત્વ છે.ગાંધીબાપુ અને આપણાં અન્ય મહાનુભાવો પણ પોતાના જીવનમાં પ્રાર્થનાને ચુક્યા નથી. તેથી જ બાપુ હંમેશા કહેતાં કે જો હું પ્રાર્થનામાં મોડો પડીશ તો એટલું સ્વરાજ મોડું મળશે. ગીતાજીનો સાર બધા જ ધર્મની માં છે.બધા જ ધર્મના

રહસ્યો એ ગીતાજીમા છે. જો હરિ અનુકૂળ હોય તો અમૃત પણ ઝેર થઈ જાય છે. શિક્ષકત્વની વાતો કરીને બાપુએ મહુવાના એક આચાર્ય બેન કે જેઓ વર્ષોથી શિક્ષણ આપવા માટે કોઈ પગાર લેતા નથી તેનું ઉદાહરણ આપીને શિક્ષકોના સમર્પણ માટે ખાસ વિશેષ ભાર મુક્યો.આજે મનસુખરામ માસ્તરના આખ્યાન

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
Pidilite Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com